તમે ગુનેગારોને પકડવામાં માહિર છો એટલે તમને હવે ચૂંટણીલક્ષી ગુનાખોરી શાખામાં મૂકવામાં આવે છે. હવે એમાં કંઈક કરી બતાવો !

સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે અન્ય રાજ્યોમાં તથા વિદેશમાં કલાવૃંદો મોકલવા આર્થિક સહાયની યોજના

ગાંધીનગર, તા. ૨૯

અકાદમીની સાંસ્કૃતિક વારસાની જાળવણી યોજના અંતર્ગત શાસ્ત્રીય નૃત્ય અને નાટ્ય વૃંદોને રાજ્ય બહાર અને રાષ્ટ્ર બહાર (વિદેશમાં) કાર્યક્રમ રજુ કરવા માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયે વર્ષ ૨૦૧૨-૧૩માં રાજ્ય બહાર કાર્યક્રમ માટે રૂ. ૨.૦૦ લાખ તથા રાષ્ટ્ર બહાર કાર્યક્રમ રજુ કરવા માટે રૂ. ૫.૫૦ લાખની સહાય લેવા ઈચ્છુક શાસ્ત્રીય નૃત્ય તથા નાટ્ય વૃંદો/દિગ્દર્શકો, કોરીયોગ્રાફરોએ આ અંગેના અરજી પત્રક ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મેળવી તા. ૧-૧૦-૧૨ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે અકાદમીને પહોંચતા કરવાના રહેશે. પાત્રતાના ધોરણો અથવા અન્ય માહિતી માટે અકાદમીનો રૂબરૂ અથવા ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૬૯૩ ઉપર સંપર્ક કરવો.

કોબાવાલા હાઈસ્કૂલ વક્તૃતત્વ નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબરે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકાર દ્વારા પંચશક્તિ આધારીત તાલુકા કક્ષાની નિબંધ સ્પર્ધા વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં. શ્રી જી.ડી.એમ. તથા શ્રી એચ. એન. જે. કોબાવાળા ગાંધીનગર હાઈસ્કુલનો નિબંધ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર સુથાર ભૌમિક એસ. અને વક્તૃત્વ સ્પર્ધામાં કુમાર વિભાગમાં પ્રથમ નંબર પટેલ રાહુલ આર. અને વક્તૃત્વ સ્પર્ધામાં કન્યા વિભાગમાં પ્રથમ નંબરે સુથાર નિધિ એસ. પ્રાપ્ત કરી શાળાનું શાળાનું ગૌરવ વધારેલ છે. સ્પર્ધાનું માર્ગદર્શન અશ્વિનભાઈ દિવકરે આપ્યું હતું. આચાર્ય વિષ્ણુભાઈ પટેલ તથા સ્ટાફ વિજેતાઓને અભિનંદન પાઠવેલ હતા.

યુનિ. કુલપતિની નિમણૂંક માટે સર્ચ કમિટીની આજે બેઠક થશે

ઉમેદવારોની અરજીની વિસ્તારપૂર્વક સમીક્ષા હાથ ધરાશે

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિની નિમણૂંક માટે આવતીકાલ મળનારી સર્ચ કમિટીની બેઠકમાં ઉમેદવારોની અરજીની સમીક્ષા કરાશે. અત્રે ઉલ્લેખનીય છેકે ભાજપના સીન્ડીકેટ સભ્યોએ કરેલી રજૂઆતના અનુસંધાનમાં રાજ્યપાલે સર્ચકમિટીના ચેરમેનને તાકિદે બેઠક બોલવવા અને નવા કુલપતિની નિમણૂક માટેની કાર્યવાડી ઝડપી કરવા જાણ કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.પરિમલ ત્રિવેદી ૨૬,જૂને નિવૃત થઈ ગયા છે. આ વાતને પાંચ મહિના થઈ ગયા છતાં હજી સુધી સર્ચકમિટીની બેઠકમાં કોઈ પણ નામો અંગે ચર્ચા થઈ નથી. સર્ચકમિટીના સૂત્રો કહે છેકે સર્ચકમિટીની અગાઉ મળેલી બેઠકમાં નવા કુલપતિ માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવી હતી. યુનિવર્સિટીના રજિસ્ટાર દ્વારા આ અરજી મંગાવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આવતીકાલની બેઠકમાં તમામ અરજીઓની સમીક્ષા કરાશે. ત્યારબાદ તેમાંથી ત્રણ ઉમેદવારોની યાદી તૈયાર કરી રાજ્ય સરકારને મોકલી અપાશે. જો અરજીઓ વધુ હશે તો હજી નવા કુલપતિની નિમણૂંકમા વિલંબ થવાની શક્યાતા છે. બીજીબાજુ નવા કુલપતિની નિમણૂંકમાં વિલંબ થવાથી કોંગ્રેસના સીન્ડીકેટ સભ્યો ઘેલમાં આવી ગયા છે. તેઓ સીન્ડીકેટની ચૂંટણીની પ્રક્રિયા પણ કાર્યકારી કુલપતિની હાજરીમાં થઈ જાય તેવી શક્યતા વ્યકત કરી છે.

સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિલ્મ ઍન્ડ ટેલીવિઝન દ્વારા આજથી ચાર દિવસીય ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ

તા. ૩૧થી ત્રણ દિવસ દરમ્યાન ફિલ્મ રસિયાઓ દુનિયાની ફિલ્મો નિહાળી શકશે

તા. ૩૧ ઑગષ્ટના રોજ પ્રદર્શિત થનારી ફિલ્મ્સ

સમય	સ્ક્રીન-૩	સ્ક્રીન-૪
સવારે ૧૦	ભૂમિ થાઈ (કન્નડ)	ઝીયારત (કાશ્મીરી)
બપોરે ૧૨	પારોમા (બંગાળી)	અવર લાસ્ટ સ્પ્રીંગ (ગ્રીસ)
બપોરે ૨.૩૦	બ્લ્યૂ બ્રેવ (તાઈવાન)	ઑડ વન આઉટ (પોલેન્ડ)
સાંજે ૫	દાસ કેપીટલ (હિન્દી)	ડૉગ સ્વેટ (ઈરાન)
સાંજે ૭.૩૦	આબાર બ્યોમકેશ (બંગાળી)	હેન્ડઓવર (હિન્દી)
રાત્રે ૧૦	આગાહ (ગુજ., પ્રિમીયર)	અર્ધ સત્ય (હિન્દી)

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના પાદરે કાર્યરત સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિલ્મ ઍન્ડ ટેલીવિઝન દ્વારા આવતીકાલથી ચાર દિવસીય ગાંધીનગર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ફિલ્મોના પ્રદર્શન ઉપરાંત નવી ફિલ્મોના પ્રિમીયર શો પણ આયોજિત કરાયા છે.

તા. ૩૦ના રોજ ફેસ્ટીવલનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે, જે અંતર્ગત બાળકો માટેની ફિલ્મ ચિત્તગોંગ દર્શાવવામાં આવશે. આ શો કૅન્સર પિડીત બાળકો અને આમંત્રિતો માટે અનામત રાખવામાં આવ્યો છે.

એ પછી તા. ૩૧ ઑગષ્ટથી બીજી સપ્ટેમ્બર દરમ્યાન સ્ક્રીન ૩ અને ૪માં દરરોજ સવારે ૧૦, બપોરે ૧૨, ૨.૩૦, સાંજે ૫, ૭.૩૦ અને ૧૦ કલાકે ભારતીય-વિદેશી ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે. ખુશીના સમાચાર એ છે કે આ ફિલ્મ ફેસ્ટીવલ જાહેર જનતા માટે ખુલ્લો છે. અલબત્ત, ફેસ્ટીવલમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન ફરજિયાત રાખવામાં આવ્યું છે, જેનો કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં.

ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન સંઘમિત્રા ચૌધરી, ઈન્દ્રાણી હેદર, રિતુપર્ણો સેનગુપ્તા, સુધીર મિશ્રા, કરણ રાઝદાન, સૌરભ કુમાર, યશપાલ શર્મા, કલ્પના લાઝમી, મૌસમી ચેટર્જી, વિશાલ ભારદ્વાજ, તિગ્માંશુ ધુલિયા, અમોલ ગુપ્તે જેવા સિલ્વર સ્ક્રીન દિગ્ગજો આ ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન સિટી પલ્સ ખાતે ઉપસ્થિત રહેશે.

સિટી પલ્સના સ્ક્રીન-૩ અને સ્ક્રીન-૪ ઉપરાંત મલ્ટીપર્પઝ હૉલ ખાતે ૩૧ ઑગષ્ટના રોજ સવારે ૧૧ કલાકે સેમિનાર તથા બપોરે ૨.૩૦ કલાકે હિન્દી ફિલ્મ ધારાવી પ્રદર્શિત કરવામાં આવશે. તા. ૧ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે શૉર્ટ ફિલ્મ, સાંજે પાંચ કલાકે ઓમકારા, સાંજે ૭.૩૦ કલાકે સાહેબ બીવી ઔર ગુલામ અને રાત્રે ૧૦ કલાકે હિન્દી ફિલ્મ સ્ટેન્લી કા ડબ્બા દર્શાવવામાં આવશે. આ જ હૉલમાં તા. બીજી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ કલાકે કન્નડ ફિલ્મ સ્ત્રી શક્તિ, બપોરે ૨.૩૦ કલાકે સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટેલીવીઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા શૉર્ટ ફિલ્મ અને સાંજે પાંચ કલાકે બાંગ્લાદેશી ફિલ્મ અંતર્ધાન પ્રદર્શિત કરવામાં આવશે.

ફેસ્ટીવલના સમાપન સમારોહ પ્રસંગે 'શોવનાસ સેવન નાઈટ્સ' નામની હિન્દી ફિલ્મનો વર્લ્ડ પ્રિમીયર શો પણ આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં ફિલ્મનાં અભિનેત્રી રવિના ટંડન, અમિત પુરોહિત ઉપરાંત નિર્માતા-નિર્દેશક અભિષેક મિશ્રા અને અન્ય કલાકારો ઉપસ્થિત રહેશે.

તા. ૧ સપ્ટેમ્બરના રોજ પ્રદર્શિત થનારી ફિલ્મ્સ

સમય	સ્ક્રીન-૩	સ્ક્રીન-૪
સવારે ૧૦	અદામીન્તે મકાન અબુ (મલયાલમ)	ફિજીગી મની (મણીપુરી)
બપોરે ૧૨	લારીક (રશિયા)	સો યુ સ્પીક ફેન્ચ (તાઈવાન)
બપોરે ૨.૩૦	રેડ ડ્રેગનફ્લાઈસ (તાઈવાન)	સ્વીટ કન્ટ્રી (ગ્રીસ)
સાંજે ૫	ધ જાપાનીઝ વાઈફ (અંગ્રેજી/બંગાળી)	મેકીંગ મિસ્ટેક્સ (યુએસએ/જાપાન)
સાંજે ૭.૩૦	મેમરીસ ઑફ માર્ચ (અંગ્રેજી)	કેપ નં. ૭ (તાઈવાન)
રાત્રે ૧૦	રૂદાલી (હિન્દી)	છત્રક (શ્રીલંકા)

તા. ૨ સપ્ટેમ્બરના રોજ પ્રદર્શિત થનારી ફિલ્મ્સ

સમય	સ્ક્રીન-૩	સ્ક્રીન-૪
સવારે ૧૦	ગાંધીસ સ્માઈલ (કન્નડ)	ઍવરલાસ્ટીંગ મોમેન્ટ (તાઈવાન)
બપોરે ૧૨	ચેરી ઓર્ચાર્ડ (ગ્રીસ)	એલાર ચાર અધ્યાય (બંગાળી)
બપોરે ૨.૩૦	બેડરૂમ (બંગાળી)	પારોમિતર એકદિન (બંગાળી)
સાંજે ૫	ઝૂમ હંટીંગ (તાઈવાન)	સ્ટ્રીંગ ઑક પેંશન (વર્લ્ડ પ્રિમીયર)
સાંજે ૭.૩૦	સમાપન સમારોહ	

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં વિવેકાનંદ વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૯

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને રામકૃષ્ણ મિશનના સંયુક્ત સાહસથી સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સ્વામી નિખિલેશ્વરાનંદના એક પ્રવચનનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. સ્વામી વિવકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે યોજાયેલા સ્વામી નિખિલેશ્વરાનંદજીના પ્રવચનમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના દ્વિતીય વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. 'સ્વામી વિવેકાનંદ મેસેજ ટુ ધ યુથ'માં યોજાયેલા પ્રોત્સાહક પ્રવચન બાદ પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ તેઓની રોજબરોજની સમસ્યાઓનું સમાધાન મેળવ્યું હતું. કાર્યક્રમનું ડીડી ગિરનાર પર ઉજી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સાંજે ૪ કલાકે પ્રસારણ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. સુજલ પાઠક, પ્રો. ધાર્મિની મહેતા, પ્રો. જીનાલી પટેલ અને પ્રો. બ્રિજેશ પુરોહિતે કર્યું હતું.

કેફિયત કલા સાધકની

- આશા સરૈયા

કલાસફર અને જીવનસફરના સંગી મયુરીકાબેન અને પ્રવીણભાઈ ઉપાધ્યાય

"કેવા રે મળેલા મનના મેળ, સંગનો ઉમંગ માણી, જિંદગીને જીવી જાણી...

રૂદિયાની રાણી... રૂદિયાના રાજા... એવા રે મળેલા મન ના મેળ."

હા, આજે એવા જ એક યુગલનો પરિચય કરીએ, જેમણે જીવન સફર અને કલા સફર (રંગભૂમિ પર) સદાય સાથે રહીને જીવી છે, માણી છે અને પ્રેમની સુગંધને મહેંકતી રાખી છે. એ કલાકારો છે ગાંધીનગરના વરિષ્ઠ કલાકારો - મયુરીકા ઉપાધ્યાય અને પ્રવીણ ઉપાધ્યાય.

૧૯૬૯ ના વર્ષની વાત છે. પ્રવીણભાઈના મિત્રનું એક નાટક રજુ થવાનું હતું. પ્રથમ શૉ ના બે દિવસ પહેલાં જ મુખ્ય અભિનેત્રીની તબિયત બગડતાં આ નાટકની રજૂઆત અંગે ચિંતાના વાદળો ઘેરાયા કે હવે શું થશે? મિત્ર પ્રવીણભાઈને પ્રસ્તાવ મૂક્યો કે ભાભી આ પાત્ર ભજવશે? રૂઢિચુસ્ત વાલમ બ્રાહ્મણ કુટુંબમાં એ જમાનામાં આ પ્રસ્તાવ સ્વીકારાય ખરો? પરંતુ પ્રવીણભાઈના માતૃશ્રીએ પુત્રવધુને પ્રેમપૂર્વક નાટ્કમાં ભાગ લેવાની મંજૂરી આપી અને ફક્ત બે જ દિવસમાં આ કૉમેડી નાટક 'બેલી બોલાવેછે' માં મુખ્ય અભિનેત્રી તરીકે નાટ્યક્ષેત્રે શ્રીમતી મયુરીકાબેને આકસ્મિત પગલી પાડી!

૧૯૫૦ માં જન્મેલા મયુરીકાબેનનું વતન લેકાવાડા (જિ. ત્યારનો અમદાવાદ.) તેમના પિતાજી ભવાઈમાં પ્રસંગોપાત પાત્રો ભજવતા અને અભિનયની આ આવડત મયુરીકાબેનને વારસામાં પ્રાપ્ત થઈ. ૧૯૬૭ માં મયુરીકાબેન અને પ્રવીણભાઈ લગ્નગ્રંથીથી જોડાયા. ૧૯૬૯ માં રંગભૂમિ પરના આકસ્મિક પ્રવેશ અને તે નાટકની સફળ પ્રસ્તુતિથી મયુરીકાબેનને નાટકોમાં ભાગ લેવા આમંત્રણ મળવા લાગ્યા. વર્ષ ૧૯૭૨માં રજૂ થયેલ નાટક "એક અંધારી રાત"-ની સફળતાથી મયુરીકાબેનની સફળ અભિનેત્રી તરીકેની છાપ કાયમ થઈ ગઈ.

એ દિવસોમાં એક બહેન જયારે ગાંધીનગરના જુદા જુદા શૉપિંગ સેન્ટરો અને માર્ગો પર લોકોની નજરે પડતા ભારે ઘણાં લોકો તેમને જોઈને કહેતા, 'જો પેલી ગાંડી જાય...' કોઈ પૂછે, કઈ ગાંડી? તો જવાબ મળતો આપણે પેલા નાટકમાં જોઈ હતી તે! આ ગાંડી સ્ત્રીની આબેહુબ ભૂમિકા ભજવીને ગાંધીનગરમાં છવાઈ ગયેલ કલાકાર એ આપણાં મયુરીકાબેન! અને ત્યારે આબાલ વૃધ્ધ સૌ મયુરીકાબેનને મળવા અને વાત કરવા ઉત્સુક રહેતા. આ ત્રિઅંકી નાટક 'એક અંધારી રાત' ના ગુજરાતભરમાં દસ જેટલાં સફળ શૉ થયાં. આ નાટકના રીહર્સલ વખતે એક વાર ૧૦૪ ડિગ્રી તાવ સાથે પણ સાઈકલ પર સમયસર પ્હોંચી ગયેલા મયુરીકાબેનને સમગ્રટીમ સલામ કરતી!

પ્રભુ કૃપાથી મયુરીકાબેનની યાદશક્તિ એવી સતેજ હતી કે સંવાદો એક વખત વાંચે કે સાંભળે એટલે યાદ રહી જાય. દિગ્દર્શકોને પણ આનું અચરજ થાય. આ ઉપરાંત તેમના કુશળ અભિનય, આકર્ષક છટા, સમયપાલન, કામ પ્રત્યેની નિષ્ઠાના કારણે તેમનું એક નાટક રજુ થાય તે સાથે જ તેમને બીજા નાટકની પ્રપૉઝલ મળી જ હોય. આમ મયુરીકાબેનની નાટ્યસફર ઉડાન ભરવા લાગી. મયુરીકાબેને દસથી વધુ ત્રિઅંકી અને પાંચ એકાંકી નાટકો ભજવીને નાટ્યક્ષેત્રે એ સમયે ખૂબ નામના મેળવી હતી. તેમનાં ત્રિઅંકી નાટકોમાં એક અંધારી રાત, શિકાર, સોટયનુંસોનુંવિગેરે મુખ્ય છે.

ભાવનગર ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની એકાંકી નાટ્ય સ્પર્ધામાં રજૂ થયેલ નાટક 'પુરૂષ' (કાન્તિ રાઠોડ દિગ્દર્શિત) માં 'કાકી'નો રૉલ ભજવીને રાજ્ય સંગીત નાટક અકાદમીનો શ્રેષ્ઠ અભિનયનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. મયુરીકાબેન 'કાકી'નું આ ટ્રેજિક પાત્ર એવી અસરકારક રીતે ભજવતા કે ઉપસ્થિત દર્શકોની આંખો છલકાઈ જતી!

કર્ણાટક ખાતે યોજાયેલ અખિલ ભારતીય મુલ્કી સેવા નાટક સ્પર્ધામાં ગુજરાતના મયુરીકાબેનની મુખ્ય ભૂમિકાવાળા એકાંકી 'સપનાનાં વાવેતર'ને એવોર્ડ મળ્યો હોવાથી ગુજરાતને ગૌરવ સાંપડ્યું હતું. આ નાટકના ટીમ લીડર કોણ હતા? પ્રવિણભાઈ ઉપાધ્યાય!

૧૯૪૪માં જન્મેલ પ્રવીણભાઈએ ભારતીય સંસ્કૃતિ અને પુરાતત્વવિદ્યામાં એમ.એ. કરેલું છે. ૧૯૭૦થી ગાંધીનગરમાં આવ્યા બાદ સરકારમાં વિવિધ હોદ્દાઓ પર સેવા આપીને સંયુક્ત સચિવના હોદ્દા પરથી નિવૃત્ત થયા છે. કલા પ્રવૃતિમાં બહોળો રસ ધરાવતા પ્રવિણભાઈની સતત પ્રેરણા હૂંફ અને સહકારથી મયુરીકાબેનની અભિનય કારકિર્દી નીખરી એટલું જ નહી. આ દંપતિની નાટય સફરની સૌથી અગત્યની વાત એ છે કે બંને કલાકારોએ મોટાભાગના નાટકોમાં સાથે જ અભિનય આપેલ છે.

રંગમંચના સંભારણા વાગોળતા પ્રવીણભાઈ અને મયુરીકાબેન જણાવે છે કે, એકવાર સેકટર-૧૬ના રંગમંચ પર એક નાટક ભજવાતું હતું. પ્રવિણભાઈ સંગીત શિક્ષક તરીકે શેઠની દીકરી (મયુરીકાબેન)ને સંગીત શીખવવા આવેછે. શેઠ બનેલ કલાકાર એન્ટ્રી સમયે લાકડી લાવવાનું ભુલી ગયા અને સેકટર-૧૬માં જ રહેતાં હોવાથી દોડીને ઘરે લાકડી લેવા ગયા. ૧૫થી ૨૦ મીનીટ એમની રાહ જોઈ રહેલા બંને પાત્રોએ સ્ટેજ પર સ્વયંસ્ફુરણાથી અભિનય અને સંવાદોવડે પ્રેક્ષકોને જકડી રાખ્યા! કોઈને ખબર પણ ન પડી કે નાટક (સ્ક્રીપ્ટ) બહારનો ભાગ છે. જ્યારે ખબર પડી ત્યારે પતિ-પત્નિના આ કાબિલેદાદ અભિનય પર ઉપસ્થિત મેદની વારી ગઈ હતી.

તખ્તાના અને સિનેમાના જાણીતા અને લોકપ્રિય કલાકાર ઉપેન્દ્રભાઈ ત્રિવેદી નિર્મિત અને દિગ્દર્શિત નાટક 'અભિનય સમ્રાટ'માં પતિ-પત્નિ બંનેએ અભિનયનાં અજવાળા પાથર્યા હતા. ખૂબ જ પ્રસિધ્ધ થયેલ આ નાટક અભિનય સમ્રાટના રાજ્યભરમાં અનેક શૉ થયા હતા. તખ્તા ઉપર એક સફળ અભિનેત્રીની ઓળખ મેળવી ચૂકેલા મયુરીકાબેનને ગુજરાતી ફિલ્મોમાં કામ કરવાની તક મળી અને એમાં પણ તેઓ ઝળકી ઉઠ્યા. ૧૯૮૦થી ૯૦ના ગાળામાં મયુરીકાબેને અનેક ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું. જેમાં ભગવાન શ્રીકૃષ્ણમાં 'દ્રૌપદી', વીર ભીમસેનમાં 'ગાંધારી', ઉપરાંત ખોડલ તારો ખમકારો, માનવીની ભવાઈ, દેવા દેવાયત, મહિયરની ચુંદડી વિગેરેમાં મુખ્ય છે. મહિયરની ચુંદડીમાં પ્રવીણભાઈએ પણ અભિનય આપ્યો હતો. મયુરીકાબેને અનેક ગુજરાતી સિરીયલોમાં પણ અભિનયના અજવાળા પાથર્યાછે. જેમાં વિદ્યા, સ્વર્ગ-નરક, હસતા હસતાં કપાય રસ્તા વિગેરમાં અને પાણી બચાવો જેવી ડોક્યુમેન્ટરી અને એડ્ ફિલ્મોમાં પણ અભિનય આપ્યો છે.

મયુરીકાબેન ટ્રેજેડી, કોમેડી, સંવેદનશીલ પાત્રો બખુબી નિભાવતા. પૈસા માટે ઉપાધ્યાય દંપતિએ ક્યારેય કામ કર્યું નથી. નિજાનંદ માટે જ કામ કરવામાં માનનારા આ દંપતિએ નાટકો, ફિલ્મો, સીરીયલોમાં દિલથી અભિનય આપ્યો છે. સાંસ્કૃતિક ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પણ આ દંપતિએ અગત્યની ભૂમિકા ભજવે છે. મયુરીકાબેન અને પ્રવિણભાઈના ચારે સંતાનો (ત્રણ પુત્રીઓ, એક પુત્ર) પણ બાળપણથી જ માતાપિતાની સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં અને હજી લે છે. મોટી પુત્રી હીના ઉપાધ્યાયે તો તખ્તા, ટી.વી. અને ફિલ્મક્ષેત્રની ટોચની ગુજરાતી અભિનેત્રીઓમાં સ્થાન મેળવીને માતાપિતાના વારસાને ઉચ્ચ શિખર પર લઈ ગયેલ છે.

સામાજિક, કૌટુંબિક જવાબદારીઓ વધતાં આ યુગલે હવે નાટકો વિગેરેમાં ભાગ લેવા માટે સમય ફાળવી શકતું નથી. પરંતુ મનને આનંદ પડે અને કોઈ સારી તક મળે તો હજી અભિનય આપવા તત્પર છે. આશા રાખીએ કે ગાંધીનગરની યુવા પેઢીને આવો લાભ પ્રાપ્ત થાય. અનેક શુભેચ્છાઓ સહ...

રોજ રસોઈ કરીને પીરસે, મુખે બોલે એ ખુબ મીઠું

સારા કર્મની હશે જમા ઉધારી, મંત્રીનું મુખડું દીઠું

ગુજરાતી રસોઈના એક્કા ગોપાલભાઈ ૨૦ વર્ષથી આપણાં નાણામંત્રી વજુભાઈવાળાના સ્વાસ્થ્યવર્ધક ભોજનની જવાબદારી નિભાવતા પશુપાલન, સાહિત્ય અને આયુર્વેદમાં પણ દિલચશ્પીથી હાથ અજમાવે છે

સંબંધ સજાવે જિંદગી

વી આર ફ્રેમિલી

- સંજય થોરાત

gsrelation@yahoo.com

ગુજરાત નાણામંત્રીશ્રી વજુભાઈવાળાએ ૧૮ વખત બજેટ રજૂ કરવાનો રેકોર્ડ કર્યો છે, અને તંદુરસ્ત અને હળવી કટાક્ષથી સ્વાસ્થ રહી સામાન્ય લોકોનું ધ્યાન રાખતાં નાણામંત્રીનું રહસ્ય હમણાં જ જાણવાં મળ્યું.. વાત જાણે એમ છે કે, માણસનો આહાર સાત્વિક તો વિચાર સાત્વિક રહેવાના જ અને મંત્રીશ્રીને છેલ્લા ૨૦ વર્ષથી સ્વાદિષ્ટ-પૌષ્ટીક અને સ્વાસ્થ્યવર્ધક રસોઈ જમાડતાં એમનાં રસોઈયાએ આ વાત કરીકે જો માલિક સ્વસ્થતો પ્રજા પણ સમૃદ્ધ રહેવાની... જાત-જાતની અને ભાતભાતની રસોઈનો ચટાકો લગાડતાં આ ભાઈ વજુભાઈના પરિવારનાં માનીતા સભ્ય છે. કારણ રસોઈની જેમ જ એમનો સ્વભાવ પણ ગુજરાતી કઢી જેવો ગળચટ્ટો છે!!

લેખનાં ઉપરનું જે શિર્ષકમાં મુક્તક છે એ લખનારાં પણ આ ભાઈ જ છે. આ માત્ર રસોઈયા નથી તેઓ એક પશુપાલક, કવિ-લેખક, વનસ્પતિ માંથી દવાઓ શોધનારા અને પ્રાણી-પક્ષીના અવાજો કાઢી મિમિક્રી કરતાં આર્ટીસ્ટ પણ છે.. એવા સર્વગુણ સંપન્ન છે. ગોપાલભાઈ એમનું સાચું નામ તો જયોતિન્દ્ર ઠાકર, પણ ગોપાલભાઈ નામ એટલું પ્રચલિત થયું છે કે એમને સાચા નામથી કોઈ બોલાવો તો પોતેય વિચારમાં પડી જાય છે.. એક જ મંત્રીના નિવાસમાં ૨૦ વર્ષથી એકધારી રસોઈની અતિ મહત્વની જવાબદારી સંભાળતાં ગોપાલભાઈની સંઘર્ષ ગાથા કોઈ ફિલ્મની સ્ટોરીથી ચઢે એવી છે!!

રાંધેજાના વતની અને ૧૯૭૦થી ગાંધીનગરના સેકટર-૨૮માં આવીને વસેલા ગોપાલભાઈ સેકટર-૧૬ની માધ્યમિક શાળામાં ભણેલા છે. પોતે ખેડૂત હોવાથી પશુપાલનનું કામ શરૂઆતથી જ કરેલું.. આર્થિક પરિસ્થિતી સારી નહી એટલે અગિયારમાં ધોરણ બાદ કેમ્પાકોલાની ફેકટરીમાં ખોખા બનાવી દિવસે ૩ રૂપિયા કમાતા.. બીજ નીગમનાં ગોડાઉનમાં અનાજના કોથળાં ભરી ૫ રૂપિયા માટે પરસેવો પાડતાં. એચ.ટી. પાવર કે જે આજે કલ્પતરૂથી ઓળખાય છે એમાં લેબર બની લોખંડ પણ ઉપાડેલું છે... આવા ગોપાલભાઈ રસોઈયા બન્યા એ માટે એમની મમ્મીની મહેરબાની માને છે. પહેલાં ગેસ- સિલેન્ડર તો હતાં નહીં અને દિવેટીયાવાળા પ્રાથમસ માંથી કેરોસીનનાં ધુમાડા નીકળે અને મમ્મીની આંખો બળતી એટલે સ્કુલમાં હતાં ત્યારે જ રસોઈ બનાવતાં શીખી ગયેલા !!

એમની સંઘર્ષ કહાનીમાં ત્યારે ટ્વીસ્ટ આવ્યો જયારે સરકારની કિચન- ગાર્ડનની નોકરીમાં માળી તરીકે ૧૧ રૂપિયે રોજના હિસાબે ૧૯૮૩માં કામ મળી ગયું.. એ વખતે માળી જ મંત્રીના બંગલાનું કામ કરે એટલે કામમાં તો ડિસ્કાઉન્ટના મળ્યું પણ દરજ્જો ઉંચકાયો.. એ વખતે અમરસિંહ ચૌધરી વન-પર્યાવરણ- સિંચાઈ ખાતાનાં મંત્રી અને ગોપાલભાઈ એમનાં બંગલામાં કામ કરે અને એમનાં પત્નિ ગજરાબેને ગોપાલભાઈને રસોડામાં મદદમાં રાખી રસોઈમાં નિપૂર્ણ બનાવી દીધાં... પછી તો અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા અને ગોપાલભાઈ જામનગરનાં હરિદાસ લાલનાં બંગલે એમની રસોઈનો જાદૂ પિરસવાં લાગ્યા.. ૧૯૯૦માં વજુભાઈવાળા શહેર વિકાસ મંત્રી બન્યા અને ગોપાલભાઈનો સિતારો ચમકી ગયો, વજુભાઈને ગોપાલભાઈનાં હાથની ઢોકળીનું શાક એવું તો ભાવી ગયું કે વજુભાઈ મંત્રીનાં આવનજાવન કરી પણ ગોપાલભાઈને પોતાના પરિવારની જેમ સાથે જ ફેરવ્યાં...

ગજરાબેને શિખવેલાં બાજરી-મકાઈ-જુવારનાં રોટલાને લીધે તેઓ સૌને પ્રિય બન્યાં છે.. ચાઈનીઝ, પંજાબી, ગુજરાતી અને દરેક પાક કલાનાં નિષ્ણાંત ગોપાલભાઈએ પોતાનાં લગ્નમાં ૧૫૦ માણસની રસોઈ પણ જાતે જ બનાવેલી અને પછી વરરાજાનાં સુટમાં તૈયાર થયેલાં... સરકારોની ઉથલ પાથલ બાદ ૧૯૯૫માં વજુભાઈ ફરી નાણામંત્રી થઈ બંગલા નં.૬૨ ૩માં આવ્યા. ત્યારથી ગોપાલભાઈનું નિવાસ સ્થાન ત્યાંજ પાક્કું થયું છે.. વજુભાઈને મનગમતાં હાંડવા-ઢોકળાંએ પ્રેમથી બનાવે છે. વજુભાઈ સાદા જમણનાં આગ્રહી છે અને એમનાં આરોગ્યની કાળજી લેવા યથાયોગ્ય મસાલા- તેલનો ઉપયોગ કરે છે. ગુજરાતી રસોઈના એક્કા ગોપાલભાઈનાં હાથની રસોઈનો ચટકો લાગેલાં વજુભાઈનાં મિત્રો-અતિથિઓ અવશ્ય જમણ લઈને જ જાય છે!!

ગોપાલભાઈનો પશુપાલનનો શોખ નવાઈ પમાડે એવો છે. એ પહેલાં મહુડી રોડ પર આવેલાં ગાંધીનગરનાં જાણીતા ઉદ્યોગપતિ દિપકભાઈ પટેલના ગાયોના તબેલાના દેખરેખનું કામ કરતાં... લો કોસ્ટમાં પાણીનાં સિંચાઈનું યંત્ર વિકસાવી લુનાથી પાણી ખેંચવાનું કામ કરેલું અને કારેલાં- ગલકાંના વેલા તબેલાનાં ઝાડવે ચઢાવી ઉત્પાદન શરૂ કરેલું... ગાયોનાં તબેલામાં પણ હબેલટ્રીટમેન્ટ કરી ગાયો દુઝણી કરેલી... આજે વજુભાઈના બંગલે પોતાની એક અને બાકીની વજુભાઈની ગાયો બંધાયેલી છે, ગીર- કાંકરેજ જેવી કામધેનુ ગાયોનાં દુધથી વજુભાઈનાં પરિવારમાં શુદ્ધ ઘીની મહેંક પ્રસરે છે... રસોઈની સાથોસાથ ગાય